૧૨ ઉમૂર મુજલ્લા

# સિલ્કે હયાત

સફિન ૨, અંક ૭, ગુજરાતી

જુમાદલ ઉલા સી જુમાદલ ઊખ્રા હી.સ.૧૪૪૫



જામેઆ સૈફીયાહની મબાનીના કલ્બમા ઈવાનુલ બરકાત અજબ બરકતવંતી બિના છે. જે ૨૦૦ વરસસી આલે મોહમ્મદ સ.અ.વ.ના ઇલ્મનુ મરકઝ રહ્યુ છે. યે એક એહવી બિના છે જેના હર જાનિબમા દુઆત મુત્લકીન રિ.અ.ના આવાઝ ગુંજી રહ્યા છે. જે બિનાની કદાસતના સબબ તાલિબે ઇલ્મ દુનિયાની મુસીબતોસી રાહતમા આવી જાય છે. હર સાલ ઇસ્તેફાદા ઇલ્મિયાહ દરમિયાન હઝારો મુમિનીન આ કદાસતનો એહસાસ કરે છે.

ઇવાનુલ બરકાત, જમેઆ સૈફીયાહ, સુરત

# તાલીમ વાસ્તે મુનાસિબ બીઅત કાઇમ કરવુ.

શેખ. અદનાનભાઇ યમાની, સીગતુલ અમાલત



## ઇસ્તેફાદા ઇલ્મીયાહમા સબક વાસ્તે જગા ઇખ્તેયાર કરવાની સું અહમિયત છે?

કોઇ ભી મીકાતના કામયાબી વાસ્તે એહની જગા અને એહના મુતઅલ્લિક અસ્બાબ મુહય્યા હોવુ ઘનુ અહમ છે. સહીહ અને મુનાસિબ જગા હાઝેરીન વાસ્તે યે મીકાતને ઘનો યાદગાર બનાવે છે. તેસી ઇસ્તેફાદા ઇલ્મીયાહના ઇન્તેઝામ કરનારાઓ સબક વાસ્તે જગાઓના ઇખ્તેયાર અને એહમા સબકો બરાબર થઇ સકે એહની તૈયારી વાતે ખાસ એહતેમામ કરે છે. હર જગામાં જે જે ચીઝોની ઝરૂરત છે એહને મુહય્યા કરવા વાસ્તે કોશિશ કરે છે. સબક વાસ્તે એક ખુશનુમા માહોલ બનાવાના સબબ મુમિનીનના દિલોમા હમેશા વાસ્તે યે ઇલ્મી સૈરની ઝિકરો બાકી રહે છે. આ ચીઝોના મદ્દે નઝર હર Venue ને ઇખ્તેયાર કરવામા ઘનો ખયાલ રાખવામા આવે છે. ખાસ્સતન એહમા હવા ઉજાસ, આવવા જાવાની સગવડ, બેઠવાની જગા, બાહરનો શોર અંદર ના આવે એમજ અંદરનો આવાઝ બાહર ના જાય, જમન જમવાની જગા, અંગોલીયા વગૈરાની મિસલ સગલુ તૈયાર કરવામા આવે છે.

## ઇસ્તેફાદા ઇલ્મીયાહની તૈયારીમા ૧૨ ઉમૂરનો આપસમાં ઇત્તેફાક અને મુઆવનત કઇ તરહ થાય છે?

ઇસ્તેફાદા ઇલ્મીયાહ જિત્ના મોહટા મિકાત વાસ્તે હર અમરના ખિદમત ગુઝારોને કિસમ કિસમની ઝિમ્મેદારીયો લાઝિમ થાય છે તાકે યે મીકાત કામયાબ થાય. સગલા ઉમૂર મિલીને મુમિનીન વાસ્તે સબકની એક મિસાલી જગા તૈયાર કરે છે. સગલા પેહલા અને અહમ- ઉમૂર અમલાક છે. જે જગા લેવામા મદદ કરે છે, બીજા ઉમૂર જે સગલા શામિલ છે એહમા ઉમૂર દાખિલીયાહ- scanning, relay અને AV Set-up વાસ્તે.

ઉમૂર મવારિદ બશરીયાહ- flow management. સગલા તમક્કુનસી આવીને જઇ સકે. કોઇના movement મા ફરક ના પડે યે વાસ્તે.

ઉમૂર ફૈઝુલ મવાઈદિલ બુરહાનિયાહ- મવાઇદ અને પાની વગૈરાના ઇન્તેઝામ વાસ્તે.

ઉમૂર માલિયાહ- હિસાબાત અને રકમના બંદોબસ્ત વાસ્તે.

ઉમૂર સેહત- નઝાફતના બંદોબસ્ત વાસ્તે.

આ તમામ ઉમૂર અને એહના ખિદમત ગુઝારોની



મદદસી ખૂબીના સાથે સબક વાસ્તે એક એક જગા તૈયાર થઇ અને હઝારો મુમિનીન આ મીકાત પર બરાબર ફાયદો લઇ સકા.

## ઇસ્તેફાદા ઇલ્મીયાહમા સબકની મિસાલી જગાની ખાસ ખૂબીયો સું હોય?

સબકની મિસાલી જગાની ખૂબીયોમા:

**Capacity** – **Venue** મા મુકર્રર ગિન્તી મુતાબિક મુમિનીન તમક્કુનસી બેઠી સકે અને આવા જાવાના **Flow** વાસ્તે કિફાયતી જગા હોય.

**Air conditioning** – સુરતમા ગરમી હોવાના સબબ **air conditioning** રાખવુ લાઝિમ છે તાકે મુમિનીન 3-૪ કલાક સબક બરાબર તમક્કુનસી સુની સકે.

**Accessibility**, માહૌલ- સબકો વાસ્તે જગા એહવી હોય જહાં સગલા સેહલાઇસી પોંહચી સકે. **Public transport** સી વહાં પોંહચી સકાય અને વહાં ગાડીયો વાસ્તે **parking** ની જગાભી જિત્ની જોઇયે ઇત્ની હોય. આ સગલી ચીઝોના સાથ યએ જગાનુ બજેટ અને જુમ્લા ખર્ચ ભી દેખવામા આવે છે.

## સાદાત કિરામ દા.મ. ના સૂ ખાસ તૌજીહાત હોઈ છે?

સાદાત કિરામ દા.મ. હમને હમારા મકાસિદ પૂરા કરવા વાસ્તે તૌજીહાત ફરમાવે છે, એક તૌજીહ હમેશા ફરમાવે છે કે મુમિનીનની સુહૂલિયત અને રાહત દેખજો તાકે યે સગલા આ મીકાત પર સબકો પઢીને ઝિયાદાસી ઝિયાદા ફાયદો હાસિલ કરી સકે. અને હર જગાને તૈયાર કરવામા હમારો ભી યેજ મકસદ છે.

## ઇસ્તેફાદા ઇલ્મીયાહની તૈયારીમા ૧૨ ઉમૂરની સું અહમીયત છે?

ખિદમત વાસ્તે અશખાસ ઇંતેખાબ કરવાને ૧૨ ઉમૂર ઘનો નાદિર ઝરીઓ છે. જગાની તૈયારી કરવામા, સહીહ કામ વાસ્તે સહીહ શખ્સ ઇંતેખાબ કરવા વાસ્તે ૧૨ ઉમૂર ઘનુ ઝરૂરી છે, એહના સબબ મુમિનીન ખિદમત ગુઝારો- જેની ખિદમત નો શૌક છે યે ખિદમત કરી સકે છે. અને જહાં ઝરૂરત છે. વહાં બરાબર કામ અંજામ દેવાઇ છે તાકે મુશ્કિલ કામોભી સેહલાઇસી થઇ જાય છે.



# ઇલ્મની દાઇમી સૈર

## મદ્રસા સૈફીયાહ બુરહાનિયાહ અને દાએરતુત્તરબીયત વત્તાલિમનુ એક નાયાબ તાલીમી બરનામજ





ઇસ્તેફાદા ઇલ્મીયાહ વરસનો એક ઘનો મોહટો તાલીમી મીકાત છે. જેમા ખિદમત ગુઝારો અને મુમિનીન આલમના કોના કોનાસી એક નાદિર ઇલ્મી સૈર વાસ્તે હાઝિર થાય છે. ઇત્ના સાલમા આ અઝીમ મીકાત પર સબક પઢનાર મુમિનીનની ગિન્તી ઝિયાદા થાતી જાય છે. અને યેજ મિસલ તાલીમનો મુસ્તવા ભી ઘનો બલંદ થઇ રહ્યો છે.

આ સાલ પહલી વક્ત સ્કૂલમા તાલીમ હાસિલ કરનાર ફરઝંદોને મૌકે મિલો કે યે સગલા ભી આ મિસલના મીકાત પર હાઝિર થઇને ઇસ્તેફાદાની બરકત હાસિલ કરે. આલમે ઈમાનસી મદારિસ ઈમાનિયાહ અને મદ્રસા સૈફિયાહ બુરહાનિયાહમા ૧૦, ૧૧, ૧૨ – આ 3 દરજાતમા તાલીમ હાસિલ કરનાર ફરઝંદો ઇસ્તેફાદા ઇલ્મીયાહમા સુરત હાઝિર થયા. તકરીબન 2008 ફરઝંદો- દિકરાઓ અને દિકરીયો અખબાર, ફિકેહ અને યે મિસલના અલગ અલગ મૌઝૂના સબકોમા શામિલ થયા.

આ મિસલ સગલાને સુરત બુલાવાનો મકસદ યેજ હતો કે જે સગલા ફરઝંદો અપના મદારિસ અને સ્કૂલોસી ફારિગ થયા છે યે સગલા આલે મોહમ્મદ સ.અ.વ.ના ઇલ્મનો ઝોક લે અને આવનાર વક્ત વાસ્તે તૈયાર થાય, અને યે સગલા વાસ્તે આ ભી એક અઝીમ શરફ હતુ કે સગલાને હઝરત આલિયાહમા હાઝિર થઇને દીદાર અને કદમબોસી નસીબ થઇ.

# ઇસ્તેફાદા ઇલ્મીયાહ SELF-DEVELOPMENT

## LEARNING THROUGH SELF - DEVELOPMENT

ઇસ્તેફાદા ઇલ્મીયાહ એક ઉલૂમ અને ફુનૂનની સૈર છે. એહના વાસ્તે આઅ સાલ ઇસ્તેફાદા ઇલ્મીયાહમામા દાવતના ખિદમત ગુઝારો વાસ્તે નવા courses અને session શુરુ કરવામા આયા, તાકે ખિદમત ગુઝારોનો ઝાતી અને ઇજતિમાઈ તૌર પર નુમુ થાય. આ Courses ના ઉનવાન યે શાકેલતના ઇન્તેખાબ કરવામા આયા થા. કે ફજેરના વક્તમા જે સબકો પઢાવામા આવે અને આલે મોહમ્મદ સ.અ.વ.ના ઇલ્મની બરકત હાસિલ કરે. એહના સાથે આ courses યે ઉલૂમ મુતાબિક અમલ કરવામા મદદ કરે. આ courses ઇસ્તેફાદા ઇલ્મીયાહમાના પેહલા phase મા થયા.

આ બરનામજનો મકસદ એમ હતો કે:

• ઝમાનના રફતાર મુતાબિક ખિદમત ગુઝારો મારેફત અને હુનરના લિહાઝસી તૈયાર હોય.

• દુનિયાના હાલાત અને Contemporary ચીઝોની મારેફત થાય.

•Personal અને Social level પર Growth થાય.







# નૌજવાનો વાસ્તે ઇલ્મી ફઝા
# મઅહદુલ હસનાતિલ બુરહાનિયાહ (તલબુલ ઇલ્મ)



મઅહદુલ હસનાતિલ બુરહાનિયાહયે નૌજવાનો (૧૫-૨૫ સાલ) વાસ્તે એક નાયાબ ઇલ્મી તજુર્બો મુહય્યા કીધો. તકરીબન ૪૨૦૧ નૌજવાનો- મર્દો બઇરો- ૫ દિનના બરનામજમા શામિલ થયા, જેમા યે સગલાને કુર્આન મજીદની તાલીમ, નિસાબ અવ્વલ અને સાનીના સબકો પઢાવામા આયા, અલગ અલગ શોઅબાઓના માહેરીન ૬૩ ખિદમત ગુઝારોયે ૭ હિઝબમા સબકોની તવલ્લી કીધી.

# આલમે ઈમાનસી એક ઝલક

## NURDLE HUNT



હોંગકોંગ

મૌઝે હોંગકોંગમા BEACH CLEANUP DRIVE થયુ, તે સાથ NURDLE HUNT થયુ, જેમા મુમિનીનયે મિલીને BEACH પર જે MICRO PLASTICS હોય છે, એહને ઢૂંઢીને CLEAR કીધુ, ઘના મુમિનીન મુમેનાત એહમા શામિલ થયા.





મુ. તાહેરભાઇ મુછાલા

## "نظفوا طريق القرآن"



ગોંડલ



ગોંડલમા રસૂલુલ્લાહ સ.અ.વ.ની આ હદીસ શરીફ "نظفوا طريق القرآن" (તમે કુરઆન ના રાસતા ને સાફ કરો) સી બરકત લઇને મુમિનીન મુમેનાત વાસ્તે DENTAL CHECK UP ORGANIZE કરવામા આયુ, એજ મિસલ એહના મુતઅલ્લિક SEMINAR અક્દ થયો. ઘના મુમિનીન મુમેનાતયે એહનાસી ફાયદો હાસિલ કીધો.

ડૉ. અલીહુસૈન વોહરા

# આલમે ઈમાનસી એક ઝલક

## “મોહબ્બતની રોટી”- કોમ્પિટિશન



બદરી મોહલ્લા મુંબઇ






બદરી મોહલ્લા મુંબઇ મા શાબાબુલ ઈદિઝ્ઝહબીયે મુમિનીન મર્દો વાસ્તે રોટી બનાવાની મુસાબકતનો પ્રોગ્રામ રાખો. એહમા સગલા મુમિનીન ભાઇયોમાસી ૨૪ મર્દો- ૬ ટીમ FINAL લગ પોંહચી. આ બરનામજમા ૨ મુમેનાતને JUDGE બનાવામા આયા હતા, અને ફાએઝીનને મુકમ્મલ રોટી બનાવાનો SET આપવામા આયો.

આ મિસલના બરનામજના સબબ ઘના મુમિનીન રોટી બનાવાના અમલમા શામિલ થયા અને ઘના ખુશ થયા.

શેખ. અલીઅસગરભાઇ શેખ. સૈફુદ્દીનભાઇ ખેરીવાલા


## FOSTERSHIP ની અઝીમ ખિદમત



મરોલ

મરોલમા ઉમૂર મરાફિક બુરહાનિયાહયે ૨૦ કરતા ઝિયાદા fosters ને તૈયાર કીધા છે. મુમિનીનને કોઇ ભી કિસમની ઝરૂરત હોય એહના મદ્દે નઝર યે સગલા મુમિનીનની ખિદમતમા હાઝિર રહે છે. યેજ મિસલ તકરીબન ૫ ખિદમત ગુઝારો તેહફીઝની નાહિયતસી ખિદમત કરી રહ્યા છે.

હુઝેફા શેખ સૈફુદ્દીનભાઇ બુરહાની


Anjuman-E-Ezzi

# TOP 20 મવાઝે – જેની ઇસ્તેફાદા ઇલ્મીયાહ મા હી.સ.૧૪૪૫ મા ઝિયાદા હાઝરી હતી.

તકરીબન ૬૫૦૦૦ મુમિનીન આ સાલ ઇસ્તેફાદા ઇલ્મીયાહમામા આલે મોહમ્મદ સ.અ.વ.ના ઇલ્મની તરફ શૌક કરતા હુવા સુરત હાઝિર થયા. જે મવાઝેસી ઝિયાદામા ઝિયાદા ફીસદ મુમિનીન ઇસ્તેફાદા ઇલ્મીયાહમા શામિલ થયા- એહના નામો નીચે મુતાબિક લિસ્ટમા આપવામા આયા છે.
(જે મવાઝેમા ૧૦૦ કરતા કમ મકાનો છે- યે આ **list** મા શામિલ નથી)

| Rank | % | Mawze | Count |
|---|---|---|---|
| 1 | 35.0% | Surat | 3714 |
| 2 | 30.8% | Burhani Centenary Park (Bustaan) | 295 |
| 3 | 29.6% | Cairo | 227 |
| 4 | 28.9% | Shehabi Mohalla (Surat) | 339 |
| 5 | 28.9% | Ezzy - Mohallah (Surat) | 640 |
| 6 | 28.3% | Taherabad (Galiakot) | 180 |
| 7 | 27.8% | Vajihi Mohallah (Surat) | 297 |
| 8 | 27.3% | Parsola | 108 |
| 9 | 25.0% | Udhna | 322 |
| 10 | 23.4% | Ratangarh Kheri | 125 |
| 11 | 20.4% | Sagwara | 510 |
| 12 | 19.9% | Mohammediyah (Galiyakot) | 252 |
| 13 | 18.8% | Sunel | 191 |
| 14 | 18.2% | Burhani Mohalla (Madras) | 96 |
| 15 | 17.9% | Kushalgarh | 104 |
| 16 | 17.9% | Bharuch | 372 |
| 17 | 17.6% | Burhani Park (Neral) | 140 |
| 18 | 17.3% | Thandla | 169 |
| 19 | 17.1% | Saifee, Fatemi Mohalla (Mumbai) | 224 |
| 20 | 16.6% | Bundi | 78 |

# આલમે ઈમાનસી એક ઝલક

## અમલાકની સિયાનત

મેંન્ચેસ્ટર



મેંન્ચેસ્ટરમા જમાઅતની કઇંક PROPERTIES મા મુમિનીન અને STUDENTS ને ઉતારો આપવામા આવે છે, યે PROPERTIES નુ GENERAL MAINTENANCE કરવામા આયુ. તાકે જે મુમિનીન અને STUDENTS આવી રહ્યા છે એહને રહાઇશમા તમક્કુન રહે. યેજ મિસલ દારૂલ ઇમારતનુ તરમીમ જારી છે.





શેખ ખુઝેમાભાઇ ખાનભાઇ

## ફરઝંદોને તૈયાર કરવુ.

વસઇ રોડ







વસઇ રોડમા MSB ના ફરઝંદોમા NUTRITION CLASSES થઇ, ઉમ્ર તાલીમીયાહના તહત યે સગલાની COUNSELLING થઇ, ફરઝંદો નશાતસી શામિલ થયા, યેજ મિસલ WORLD FOOD DAY પર ફરઝંદોયે ઇબાદુલ્લાહમા અનાજ તકસીમ કીધુ યે પ્રોગ્રામ થયો.

મુ. શોએબભાઇ ગાંગરડીવાલા


# SILK-E-HAYAAT ARCHIVES





Season 2 Edition 6





Season 2 Edition 5




Season 2 Edition 4





Season 2 Edition 3





Season 2 Edition 2





Season 2 Edition 1




Season 1 Edition 13




Season 1 Edition 12




Season 1 Edition 11

الموارد البشرية
جماعة المؤمنين
HUMAN RESOURCES

سلك حيوة
SILK-E-HAYAAT